## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, અમે ન્યુઝમાં રોજ વાંચીએ છીએ 'રમશે ગુજરાત' એટલે અમને આવડે એ રમવા બેઠા...!!

# રૂપાલ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઝપાઝપીના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર રૂપાલ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. પંચાયતની સામાન્ય સભામાં સામાજીક ન્યાય સમિતિની ચર્ચા ચાલી રહી હતી. તે દરમિયાન વોર્ડ નં.૭ના મહિલા સભ્યને તને ખબર ના પડે તેમ કહી જાતિ વિષયક શબ્દો બોલી અપમાનિત કરતા પંચાયતના સભ્ય મેહુલ બારોટ સામે પેથાપુર પોલીસ મથકે મહિલા સભ્યએ ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે બપોરના સમયે રૂપાલ ગ્રામ પંચાયતની સામાન્ય સભા ચાલી રહી હતી. આ સભામાં વોર્ડ નં.-૭ ના સભ્ય હીનાબેન જીતેન્દ્રકુમાર જાદવ અને પંચાયતના બીજા વોર્ડના અન્ય સભ્યો , સરપંચ વિલાસબા ચાવડા, ડે.સરપંચ મહેશજી ઠાકોર, કલાર્ક અને તલાજી ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત હતા. સામાન્ય સભા ચાલુ હતી તે સમય દરમિયાન હીનાબેને અગાઉ સામાજીક ન્યાય સમિતિની રચના અંગે જે નામ સુચવેલા તેની ચર્ચા ચાલતી હતી. તે સમયે ગ્રામ પંચાયતના સભ્ય મેહુલ નારાયણભાઈ બારોટ (રહે. ગામ-રૂપાલ બારોટવાસ) ઉભા થઈને સુચનો આપી રહ્યા હતા. તે સમયે હીનાબેને કહ્યું કે ન્યાય સમિતિની રચના થઈ ગઈ છે, તો તમે શુ કામ બોલો છો તેવુ કહેતા જ મેહુલ બારોટે હીનાબેનને "તને ખબર ના પડે" તેમ કહી વોર્ડ નં.૭ ના મહિલા સભ્યને જાતિ વિષયક શબ્દો અને ગાળો બોલી અપમાનિત કરતા ઝપાઝપીના દશ્યો સર્જાયા હતા. મહિલા સભ્યએ ગાળો બોલવાની ના પાડતા મેહુલ બારોટ ઉશ્કેરાઈને મારવા જતા પંચાયતના અન્ય સભ્યો, તલાટી અને સરપંચે મામલો શાંત પાડ્યો હતો. તે સમયે મહિલા સભ્યના પતિ પંચાયત ખાતે આવી જતા મેહુલભાઈએ તેઓને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહિલા સભ્ય પતિ સાથે બહાર નીકળી ગયા હતા. આ સમગ્ર બનાવ અંગે મહિલા સભ્યએ મેહુલ બારોટ સહિત ત્રણ સામે ફરીયાદ નોંધાવતા પેથાપુર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના એસ.ટી.ડેપો વર્કશોપના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૩

શહેરના એસ.ટી.ડેપો વર્કશોપની અંદર આવેલા ડ્રાઈવર સ્ટાફના પર્સનલ પાર્કીંગમાંથી બાઈકની ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે બાઈક ચોરીના કિસ્સા વધી રહ્યા છે. સિવિલ કેમ્પસ, સેકટર-૧૧ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ સહિત ભરચક વિસ્તારમાંથી ચોર શખ્સો બાઈક ચોરી પલાયન થઈ જાય છે. ત્યારે હવે પાર્કિંગમાં પણ વાહનો સલામત રહ્યા નથી. ચોર શખ્સો ગમે તે સ્થળ થી ગણતરીના સમયમાં વાહનચોરી પલાયન થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૫ એ પ્લોટ નં. ૪૬૦-૨ ખાતે રહેતા રાજેશ નારણભાઈ દેસાઈ (ઉં.૪૦) એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. રાજેશભાઈ નોકરી પર આવન-જાવન માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.એ.-૦૦૦૭ નો ઉપયોગ કરે છે. ગત તા.૨૦ના રોજ રાજેશભાઈ સવારે ૫.૩૦ વાગે એસટી ડેપોમાં નોકરી પર આવી ગયા હતા. તેઓએ પોતાનું બાઈક એસટી ડેપો વર્કશોપની અંદર આવેલા ડ્રાઈવર પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ બપોરે ૧૨.૪૫ વાગે નોકરી પુરી થતા પાર્ક કરેલી જગ્યા પર આવતા જોયું તો બાઈક ન હતું. જેથી ભુલમાં કોઈ લઈ ગયું હશે તેમ સમજી આસપાસના વિસ્તારમાં તેમજ પાર્કિંગમાં તેની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



નવા સચિવાલયના બ્લોક નં. ૧૩ની સામે પાણીનો વાલ્વ છેલ્લા ઘણા સમયથી લીકેજ થઈ રહ્યો છે. આ વાલ્વ રીપેર ન કરાતા દરરોજ હજ્જારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- વિધાનસભામાં શહીદોને શ્રદ્ધાંજલિ આપતાં અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય તેમના પ્રવચન દરમિયાન રડી પડ્યા હતાં.
- આજે વિધાનસભામાં પત્રકારો દ્વારા યોજાયેલ પ્રીતિ ભોજનમાં વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય, મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી મોરડિયા તેમજ અવંતિકાસિંઘ ઓસબ, માહિતી નિયામક દેવાંગ દેસાઈ સહિતના અધિકારીઓ જોડાયા હતા.
- જિલ્લાનું તંત્ર આગામી દિવસ પ્રોટોકોલની ભરચક ડ્યુટીમાં વ્યસ્ત થયું છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ થી ૧૪ વર્ષયની વય જૂથના ૫૩ ટકા બાળકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે ભાજપના હોદ્દેદારો, કાઉન્સીલરો અને કાર્યકર્તાઓને સીટી પલ્સમાં 'ધી કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મ બતાવવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફીકનું ભારણ પ્રમાણ ઓછું હતું.
- આજે ઘણા બધા સેક્ટરોમાં પાણીનો પુરવઠો પુરા ફોર્સથી ન અપાતાં અને ધીમું પાણી હોવાને કારણે નગરજનોની સવાર બગડી હતી.
- આજે વિશ્વ ક્ષય દિવસ છે. જે અંગે જિલ્લામાં વિવિધ સ્થાનો પર જનજાગૃતિ અભિયાન છેડાયું છે.

# ગુજરાતભરમાં ગર્ભસંસ્કારની પ્રવૃત્તિના અસરકારક વિસ્તરણ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું અભિયાન

ગાંધીનગર, તા. ૨૩

ગર્ભસંસ્કાર થકી ઉત્તમ સંતતિનું નિર્માણ થઈ શકે છે. ગુજરાતની વધુમાં વધુ મહિલાઓ તેનો લાભ લઈ શકે તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી ગર્ભસંસ્કારની પ્રવૃત્તિનું રાજ્યભરમાં વિસ્તરણ ચાલી રહ્યું છે. આ ગર્ભસંસ્કાર વધુ અસરકારક રીતે થાય તે માટે તપોવન કેન્દ્રોનું મૂલ્યાંકન કરાય છે. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં, સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના વડા ડૉ. રાકેશ પટેલના નિર્દેશ મુજબ હાલમાં જ જુદા-જુદા જિલ્લાના તપોવન કેન્દ્રોમાં ગર્ભસંસ્કારની પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરાયું.

યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર ડૉ. હેમાંગી મહેતા અને આસિ. પ્રોફેસર ડૉ. જલપા પટેલ દ્વારા હાલમાં વૈદર્ભી તપોવન કેન્દ્ર, ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટ-આણંદ તેમજ અમ્મા તપોવન કેન્દ્ર-મોગરીની મુલાકાત કરવામાં આવી. અહીં ગર્ભસંસ્કારની પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરી, ઊણપો દૂર કરીને સમગ્ર પ્રવૃત્તિ વધુ અસરકારસ કેમ કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ શુભેચ્છક મંડળની રચના કરવા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. બાદ આંચલ તપોવન કેન્દ્ર-વડોદરાની મુલાકાત લઈને ગર્ભસંસ્કાર પ્રવૃત્તિના વધુ ને વધુ પ્રચાર પ્રસાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ દાહોદ ભગિની સમાજના તપોવન કેન્દ્રની મુલાકાત લઈ શુભેચ્છક મંડળ સાથે પણ બેઠક યોજાઈ હતી.



# વિધાનસભાનું સત્ર પુરૂ થાય તે પહેલા પૂર્વ ધારાસભ્યોના પેન્શન મુદ્દે નિર્ણય લેવા માંગ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના પૂર્વ ધારાસભ્યોના પેન્શન મંજૂર કરવા બાબતે લાંબા સમયથી ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ દ્વારા રજુઆતો કરવામાં આવી રહી છે, તેમ છતાં હજુ સુધી આ બાબતે વિધાનસભાના બજેટ સત્રમાં કોઈ ચર્ચા હાથ ધરાઈ નથી. દેશના ૨૮ પૈકી ૨૭ રાજ્યો તેમજ લોકસભા અને રાજ્યસભાના પૂર્વ સદસ્યોને અપાતા પેન્શનના ધોરણે ગુજરાતના પણ પૂર્વ ધારાસભ્યોને પેન્શન મંજૂર કરવા આ લડત ચાલી રહી છે જે અંતર્ગત ગુજરાત એક્સ એમએલએ કાઉન્સિલના ચેરમેન બાબુભાઈ મેઘજીભાઈ શાહ તથા પૂર્વ ધારાસભ્યો ભરતભાઈ બારોટ અને મૂળરાજસિંહ પરમારે આ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લઈને પ્રસ્તાવ નિયમ અન્વયે ગૃહમાં મંજૂર કરાવવા અનુરોધ કર્યો છે જેનો મુખ્યમંત્રીએ સકારાત્મક પ્રતિભાવ પાઠવ્યો છે.

હાલ વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે અને તે પણ સમાપ્તિ ભણી ધસી રહ્યું છે. આ સંજોગોમાં તમામ વિધાનસભ્યો તેમજ મંત્રીઓને દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાત વિધાનસભાના પૂર્વ સદસ્યોને પેન્શન મંજૂર રાખવા એક્સ એમએલએ કાઉન્સિલ દ્વારા લખાયેલો પત્ર મુખ્યમંત્રીને પહોંચાડ્યો છે. આ સાથે વિધાનસભાના સદસ્યોને પેન્શન મંજૂર રાખવાની ભલામણ પત્રોની નકલ કાઉન્સિલના કાર્યાલયમાં પ્રાપ્ત થતી રહી છે તેનો ઉલ્લેખ કરવો જરૂરી ગણી સત્રના બાકી વધેલા દિવસોમાં નિયમાનુસાર પૂર્વ ધારાસભ્યોને પેન્શન મુદ્દે સરકાર જરૂરી કાયદાકીય પ્રક્રિયા વિના વિલંબે કરે તેવી માંગ એક્સ એમએલએ કાઉન્સિલ દ્વારા કરાઈ છે.

# ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં ધો. ૧૦ અને ૧૨નો શુભેચ્છા વિદાય સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના મુખ્ય જંકશન મથક ગણાતા ચિલોડા મોટા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક અને ઉચ્ચત્તાર મા. શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારોહ ગામના સરપંચ જયમીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે સૌ પ્રથમ શાળાની બાળાઓએ પ્રાર્થના સહિત સ્વાગતગીતથી મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી સાહેબે મુખ્ય મહેમાનો, અતિથિવિશેષ અને અન્ય મહેમાનોનો પરીચય સાથે શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. મુખ્ય મહેમાન જયમીનભાઈ પટેલ અતિથિવિશેષ પદે, શ્રીમતિ મમતાસીંગ સી.આર.પી.એફ., કમાન્ડન્ટ ૧૩૫-બી બટાલીયન, શ્રીમતિ સંધ્યા રાની, ડેપ્યુટી કમાન્ડન્ટ, શ્રીમતિ યામિનીકુંવર ભાટી, ડે. કમાન્ડન્ટનું શાલ અને પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગામના અગ્રણી શામળભાઈ પટેલ, રમણભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, પુરૂષોત્તમદાસ (નિયામક), માનસિંહ ચૌધરી, ડૉ. અમૃતભાઈ પટેલ (ટ્રસ્ટી), નટુભાઈ પટેલ પત્રકાર તથા ગ્રામ પંચાયતના નવનિયુક્ત યુવા સભ્યો વગેરે ઉપસ્થિત રહી શોભાવૃદ્ધિ કરી હતી.




સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૩૦ ખાતે કોરોનાની મહામારી સામે રક્ષણ મેળવવા માટે ધોરણ ૬ થી ૮ ના બાળકોને કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમની ત્રિદિવસીય મુલાકાતે બીએસએફના ડાયરેકટર જનરલ પંકજકુમાર સિંહ આવી પહોંચ્યા છે જેના પહેલાં દિવસે તેમણે કચ્છ ખાતેની ભારત-પાક સીમાની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જી.એસ. મલિકે સાથે રહીને તેમને વહીવટી, પરિવહન તેમજ સંચાલન સંબંધી મહિતી પુરી પાડી હતી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા "વિશ્વ જળ દિવસ"ની ઉજવણી

### જળ સંકટનો એક જ ઉપાય, જળ સંચય વિષય પર ખેડૂત શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન આવતા દિવસોની ઉજવણી કરી તેના મહત્વ વિષે સમજાવવામાં આવે છે. દર વર્ષે ૨૨ માર્ચ વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષની ઉજવણીનો વિષય "Groundwater, making the invisible visible" રાખવામાં આવ્યો છે. આ વિષયને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. દિવસે ને દિવસે પીવાલાયક પાણીના સ્ત્રોતો ઓછા થઈ રહ્યા છે તેમજ કલાયમેટ ચેન્જ અને ગ્લોબલવોર્મિંગના કારણે વરસાદ અનિયમિતતા જોવા મળે છે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે દહેગામ તાલુકાના પાટનાકુવા ગામના નિસર્ગઉપવન ખાતે જળ સંકટનો એક જ ઉપાય, જળ સંચય વિષય પર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને તજજ્ઞ તરીકે ડૉ. જગદીશભાઈ બારોટ, પૂર્વ,સભ્ય સચિવ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત સરકાર તેમજ ડૉ. અનિલભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં વરસાદની અનિયમિતતા જોવા મળે છે તેમજ જળ સંગ્રહની બાબતમાં પણ આ તાલુકો પછાત છે.

ડો.જગદીશભાઈ બારોટે પટનાકુઆ ગામના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેત તલાવડી બનાવીને વરસાદના પાણીને સંગ્રહ કરીને જમીનના પાણીના તળ ઊંચા લાવવા માટે વિસ્તૃત સમાજ આપી હતી તેમજ ખેતરની આજુબાજુ વૃક્ષો વાવવાથી પણ જમીન ફળદ્રુપ બને છે અને જળ સંચય સારી રીતે થઈ શકે છે તેમ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં પાટનાકુવા ગામના ૪૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા પક્ષીઓની તરસ છીપાવીએ અને ઉઘાડપગાની ચરણસેવા કરવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૯૯૧થી ઉઘાડાપગા લોકોની ચરણ સેવા તથા ગાંધીનગરમાં વસતા પક્ષીઓની તરસ છીપાવવા પક્ષી પરબ હાલ સુધીમાં ૧૯૦૦૦ પરબો મુકાવી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે આ વર્ષે ૧૦૦૦ પક્ષી પરબનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ માટે સેવા સૈનિકોને તમારૂ યોગદાન પહોંચતુ કરવા અપીલ કરવામાં આવી છે. તથા પક્ષી પરબ મેળવવા માટે પણ અપીલ કરવામાં આવી છે. ૨૯ માર્ચે સવારે ૯ થી ૯.૩૦ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ તથા ૩૦ માચે સવારે ૯ થી ૯.૩૦ ઘ-૨ ચોકડી પાર્લર પાસે પક્ષી પરબ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. જેનો લાભ લેવા જણાવાયુ છે. સેવા સૈનિકોના નામ આ મુજબ છે. અરૂણ બુચ - ૯૮૨૫૦૧૮૧૩૪, સે. ૨૦, કિલ્લોલ દવે, સે. ૧, ૨૩૨-૨૪૩૩૯, બી.પી. પરમાર, નીરાલી જોષી-૯૯૨૪૫૫૮૫૧૧, કશ્યપ મહેતા- સે. ૪-એ-, શશીકાંત મોઢા સે. ૪-એ, આર.એચ. ધામેચા સે. ૪-સી, ઉલ્લાસ વોરા, જયેશ ધ્રુવ, સે. ૫-એ, મયુર વ્યાસ સે. ૭-ડી, જશવંત ગાંધી સે. ૭-એ, બી.એ. શુકલ સે. ૮-બી, સૂર્યકાંત બારોટ સે. ૮-બી, મહેન્દ્ર ચૌહાણ સે. ૧૪, ડૉ. ચેતના બુચ સે. ૨૦, અનંતભાઈ ઝાટકીયા સે. ૨૭, ઉપાશ્રય સે. ૨૨, સુધીરભાઈ દેસાઈ સે. ૨૩, સુનીલ શાહ સે. ૨૬, ડૉ. પી.ડી. પટેલ સે. ૨૭, જનકભાઈ રાવલ સે. ૨૭, દિનેશસિંહ ચાવડા સે. ૨૮, નિસર્ગ બુચ સે. ૨૮, કિશોર જિકાદરા સે. ૩૦, ભરત દિક્ષીત-બોરીજ, પ્રદિપ સોલંકી-કુડાસણ.

# ગાંધીનગર રેડક્રોસની ટીમ દ્વારા શહીદ દિવસ નિમિત્તે થેલેસેમીયા ટેસ્ટનું આયોજન




ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી, એબીવીપી અને શારદા કેમ્પસના સંયુક્ત ઉપક્રમે શારદા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતે સ્ટેટ રેડક્રોસના સિનિયર ટેકનીશ્યન ભરતભાઈ શ્રીમાળી અને તેમની ટીમ દ્વારા ૨૮૭ વિદ્યાર્થીઓના થેલેસેમીયા ટેસ્ટ રીપોર્ટ કર્યા હતા. તથા કલોલ રેડક્રોસની ટીમનાં ડૉ. અનિલ અને તેમની ટીમ દ્વારા ૬૭ યુનિટ રક્ત એકત્રીત કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા વિવેકભાઈ ચૌધરી તથા કોલેજની ટીમ, જિલ્લા રેડક્રોસની ટીમે સહયોગ કર્યો હતો.

# એમ.બી. પટેલ સ્કૂલમાં વિજ્ઞાન મોડેલનું પ્રદર્શન યોજાયું





એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં શાળાના સેમિનાર હોલમાં ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીની બહેનો દ્વારા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ લગભગ ૮૦ જેટલા સ્વનિર્મિત વિજ્ઞાન મોડેલનું પ્રદર્શન યોજાયું હતું. જેના ઉદઘાટક તરીક આર.જી. પટેલ શાળાના આચાર્ય ગીતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રોજેકટ તૈયાર કરનાર તમામ વિદ્યાર્થીની બહેનો તથા શાળાના વિજ્ઞાન શિક્ષક મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૮૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનો તથા તેમના વાલીઓએ લાભ લીધો હતો. શાળાના આચાર્યા નીરૂબેન જે. પટેલે તમામ વિદ્યાર્થીની બહેનો તથા વિજ્ઞાન શિક્ષકમિત્રો અને વાલીઓનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર પ્રદર્શનનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન નીચે વિજ્ઞાન શિક્ષકમત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ.એસ.વી. શાળામાં ધો-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

એસએસવીમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાળકોને હોલ ટિકીટના વિતરણ સાથે તેમના માટે શાળાકીય જીવન યાદગાર બની રહે તે માટે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની નાની વિદ્યાર્થીઓ દ્વારા તિલક કરી અને સાકર આપી શુભેચ્છા પાઠવી હતી. શાળાના ટ્રસ્ટીઓ, પ્રિન્સીપાલ તેમજ શિક્ષકો દ્વારા તેમની આવનારી પરીક્ષા માટે આશિર્વાદ આપવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને શાળાના જ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલા કાર્ડ અને શાળા તરફથી તેમને ઉપયોગી સ્ટેશનરી કિટ આપવામાં આવી હતી.